# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref no. PN 2025-26/190 Dt. 18/10/2025

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે એનયુ સિટીઝન ફેબ્રિકસ પ્રા.લિ.ની અને ગ્રીન લેબ ડાયમંડ્સ એલએલપીની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૮ ઓકટોબર, ૨૦૨૫ના રોજ તડકેશ્વર, માંડવી ખાતે આવેલી એનયુ સિટીઝન ફેબ્રિકસ પ્રા.લિ.ની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ લીધી હતી. જ્યારે બુધવાર, તા. ૧૫ ઓકટોબર, ૨૦૨૫ના રોજ ઇચ્છાપોર સ્થિત ગ્રીન લેબ ડાયમંડ્સ એલએલપીની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ લઇને પ્રોડકશન સહિતની વિવિધ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે એનયુ સિટીઝન ફેબ્રિકસ પ્રા.લિ.ની ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ દરમિયાન કંપનીના આધુનિક ઉત્પાદન એકમની વિગતવાર માહિતી મેળવી હતી. કંપનીની અદ્યતન ઉત્પાદન પ્રક્રિયામાં વોટરજેટ, વોશિંગ, સ્ટેન્ટર, કોટિંગ અને પીવીસી કેલેન્ડર જેવા મહત્વપૂર્ણ યુનિટ્સની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ કંપની દ્વારા ટેક્સ્ટાઇલ ક્ષેત્રમાં અપનાવવામાં આવેલી નવીન ટેકનોલોજી, ગુણવત્તા નિયંત્રણ પ્રણાલીઓ તેમજ પર્યાવરણલક્ષી અભિગમને પ્રતિનિધિ મંડળે બિરદાવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે લેબ ગ્રોન હીરાના ક્ષેત્રમાં અગ્રણી સ્થાન ધરાવતા ગ્રીનલેબ ડાયમંડ્સની પણ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી હતી. પ્રતિનિધિ મંડળે ડાયમંડ ગ્રોઇંગ, કટિંગ, પોલિશિંગ તથા કવોલિટી ટેસ્ટિંગની વિવિધ પ્રક્રિયાનો અભ્યાસ કર્યો હતો. કંપની દ્વારા અપનાવવામાં આવેલી સસ્ટેનેબલ પ્રોડકશન પ્રોસેસ, પર્યાવરણલક્ષી અભિગમ તેમજ હીરા ઉદ્યોગમાં આવેલા ઇનોવેશન અને ડિજિટલ ટેકનોલોજી વિષે વિસ્તૃત જાણકારી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગો આજે ટેકનોલોજી, ઈનોવેશન અને કવોલિટી તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે. એનયુ સિટીઝન ફેબ્રિકસ અને ગ્રીન લેબ ડાયમંડ્સ જેવી કંપનીઓએ પોતાના ક્ષેત્રમાં નવીનતા અને સસ્ટેનેબિલિટીને પ્રાથમિકતા આપીને ઉદ્યોગ જગતમાં એક નવો માપદંડ ઉભો કર્યો છે. આવા ઉદ્યોગોની મુલાકાતથી ચેમ્બરના સભ્યોને ઉદ્યોગની નવી ટેકનિકસ અને પ્રોડકશન પ્રોસેસ વિશે પ્રાથમિક જાણકારી મેળવવાનો લાભ મળે છે.